## વડોદરા મહાનગર સેવા સદન

www.vmcegov.com / www.vmc.gov.in

### આકારણી શાખા

# બાકી કરદાતાઓના લાભાર્થે વ્યાજ વળતર યોજના

**વડોદરા મહાનગર સેવા સદનની હદમાં આવેલી મિલ્કતોના બાકી વેરા વસુલાત માટે** વ્યાજ વળતર યોજના અમલમાં મુકવા માટે સ્થાયી સમિતિ ઠરાવ અંક- ૫૮૯/તા.૨૫-૦૨-૨૦૧૬થી સમગ્ર સભાની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી મળેલી છે. જે અનુસાર નીચે મુજ્બની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

**"ભાડા આકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના"**

(૧) નવિન સમાવિષ્ટ વિસ્તારનો વડોદરા મહાનગર સેવા સદનની હદમાં સમાવિષ્ટ થાય તે અગાઉનો ગ્રામ પંચાયતનો બાકી પડતો મિલ્કત કર (મિલ્કત વેરો, સફાઇ વેરો પાણી વેરો, લાઇટ વેરો તેમજ અન્ય બાકી પડતાં વેરા) તેમજ વડોદરા મહાનગર સેવા સદનમાં ભરવાપાત્ર પાણી ચાર્જ તેમજ કન્ઝરવન્સી ચાર્જની પુરેપુરી રકમ તથા જે કરદાતા વડોદરા મહાનગર સેવા સદનનો તા. ૧-૪-૨૦૦૩ સુધીનો ભાડા આકારણીનો ભરવાપાત્ર મિલ્કત કર ( સામાન્ય કર, પાણી ચાર્જ, કન્ઝરવન્સી ચાર્જ, જાજરૂ વેરો, શિક્ષણ ઉપકર અને દંડ ની રકમ) એકસહ ભરે તો નીચે મુજ્બ ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની ૧૦૦% ની રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) (i)ભાડા આકારણી પધ્ધતિના બાકી મિલકત વેરા પેટેની વ્યાજની રકમમાં ૯૫% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે. (ii)ભાડા આકારણી પધ્ધતિના વેરા બીલમાં ફકત વ્યાજની રકમ બાકી હોય તો સદર વ્યાજની રકમમાં પણ ૯૫% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(૨)ભાડા આકારણી પધ્ધતિની ટેક્ષ અપીલ, તેમજ રીટર્ન થયેલા ચેકની ડિમાન્ડ ચઢાવેલી હશે તો તેઓને પણ વ્યાજની રકમમાં સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે. પરંતુ તેવા કિસ્સામાં રીટર્ન થયેલા ચેક અંગે નિયમથી વસુલ કરવાપાત્ર ચાર્જ ઇલાયદા વસુલ કરવાનો રહેશે.

(૩)કોઇપણ કરદાતા ફક્ત ભાડા આકારણી પધ્ધતિની પાછ્લી બાકી રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

**ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ સને ૨૦૦૩-૦૪ થી અમલમાં મુકવામાં આવેલી છે જેમાં સને ૨૦૦૩-૦૪ થી આજદિન સુધી વેરો બાકી હોય તેવા ગરીબ અને મધ્યમ વર્ગના કરદાતાઓને ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપી વેરા વસુલાતની કાર્યવાહી કરવા યોગ્ય જણાય છે. સદર યોજના ક્ષેત્રફળ આકારણીના બાકી કરદાતાઓ બાકી વેરાની રકમ અકસહ ભરી ને ખાતાઓ સેટલ કરી શકે તે માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના દાખલ કરવામાં આવે છે.**

**"ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના"**

(ક)નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) ૩૦ ચો.મી. સુધીની રહેણાંકની મિલ્કતોને રૂ.૧૦,૦૦૦ સુધીના વ્યાજની રક્મ ૧૦૦% ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે અને રૂ.૧૦૦૦૦ થી વધુ વ્યાજ ઉપર ૭૦% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(૨)૩૦ ચો.મી.થી ઉપરની રહણાંકની મિલ્કતોની બાકી રહેતી વ્યાજની રકમમાં ૭૦% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(૩) તમામ બિન રહેણાંકની મિલ્કતો માટે બાકી રહેતી વ્યાજની રકમમાં ૫૦% રકમ ઇન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

(ગ) સને ૨૦૧૫-૧૬ના ચાલુ વર્ષના મિલકત વેરા માટે આ ઇન્સેન્ટીવ રીબેટ યોજના લાગુ પડશે નહિં.

(ઘ) જે અરજદાર ક્ષેત્રફળ આધારીત આકારણીની સને ૨૦૦૩ થી ૨૦૧૫-૧૬ સુધીના મિલકત વેરા સંપૂર્ણ પણે ભરપાઇ કરશે તેઓને સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ મળશે.

(છ) કોઇપણ કરદાતા ભાડા આકારણી પધ્ધતિની રકમ બાકી હોય અને ફક્ત ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબના સને ૨૦૧૫-૧૬ સુધીના મિલક્તવેરાની રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

**સદર યોજનાનો અમલ ૨૬-૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૧૬ સુધીનો રહેશે. ત્યારબાદ સદર યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.**

(૪) સદર યોજના અંતર્ગત ચેકથી ભરવામાં આવેલી રકમનો ચેક કોઇપણ કરણોસર રીટર્ન થશે અને યોજનાની મુદ્‌ત પુરી થયેલા હશે તેવા કિસ્સામાં કરદાતાએ વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

**સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સંબધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે.**

**નોંધ:- જો આપ વ્યવસાયી હોવ અને વ્યવસાયવેરો ભરપાઇ કરેલ નાહોય તો તે રકમ પણ ભરપાઇ કરવા વિનંતી છે.**

**સહી- એચ. એસ. પટેલ** આઇએએસ

પી.આર.ઓ. નં./૯૬૮/૨૦૧૫-૧૬ મ્યુનિસિપલ કમિશનર